©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] THURSDAY, AUGUST 21, 2025 / SRAVANA 30, 1947 [ No. 34**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૧૪મી મે, ૨૦૨૫-ના જાહેરનામા ક્રમાંક: કેપી/૨૦૨૫નો ૨૧/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઇલ/૧૪/૨૦૨૫/૧૦૬૧/સેક્શન–જે–નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**ORDER**

***Under***

**The Gujarat Panchayats Act, 1993.**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ**

**હુકમ**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.**

**ક્રમાંક. કેપી/૨૦૨૫નો ૨૧/ પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૦૬૧/સેક્શન–જે :-** ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી- ૨૦૨૫નો ૦૧-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૮/પી સેક્શન, કેવી-૨૦૨૫નો ૦૨-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૮/પી સેક્શન, અને કેવી -૨૦૨૫નો ૦૩-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૩૮/પી સેક્શનથી, નવસારી જિલ્લાના દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતના વિસ્તારોને, "મોટા શહેરી વિસ્તારો" તરીકે નિર્દિષ્ટ કર્યા છે અને નવસારી શહેરની મ્યુનિસિપાલિટીની રચના કરી છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તારો" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, જલાલપોર-ના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, જલાલપોર-ના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, જલાલપોર - ના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત, જલાલપોર - ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, જલાલપોર - ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, જલાલપોર-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વચગાળાના પગલાં તરીકે વિદ્યમાન તાલુકા પંચાયત, જલાલપોરના સભ્યોની સંખ્યા ૨૦-માંથી ઘટાડીને ૧૯ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા છે તેવા તાલુકા પંચાયત, જલાલપોરના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ તાલુકા પંચાયત, જલાલપોરના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

**અનુસૂચિ**

| અનુ-ક્રમાંક | જિલ્લા પંચાયતનું નામ | તાલુકા પંચાયતનું નામ | જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર | તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | નવસારી | જલાલપોર | એરુ-૯ | ધર્મેશકુમાર ભગુભાઈ પટેલ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દર્શન દેસાઈ,**

સરકારના ઉપસચિવ.

---

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.21 09:28:20 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar